બાળકને જેમ શિક્ષા અને સમજાવટથી શિક્ષણ અપાય તેમ મનને પણ બંને રીતે કેળવી શકાય
- મા આનંદમયી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

ઈ-પેપર gandhinagarsamachar.com

વર્ષ : (૨૭) અંક નં. ૩૨ | ૧૨ એપ્રિલ ૨૦૧૨, ગુરૂવાર, ચૈત્ર વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦


# કર્મચારીઓ આનંદો : મોંઘવારી ભથ્થામાં ૭ ટકા વધારો

## રાજ્ય સરકારના કર્મયોગીઓના મોંઘવારી ભથ્થામાં સાત ટકાનો વધારો ૧ જાન્યુઆરી ૨૦૧૨થી અમલી બનશે

ગાંધીનગર, તા. ૧૧

રાજ્ય સરકારના કર્મયોગીઓના મોંઘવારી ભથ્થામાં કેન્દ્રના ધોરણે તા. ૧ જાન્યુઆરી-૨૦૧૨થી સાત ટકાનો વધારો આપવાનો સ્તુત્ય નિર્ણય કર્યો છે. કર્મયોગીઓને આ મોંઘવારી ભથ્થું રોકડમાં ચૂકવવામાં આવશે.

રાજ્ય સરકારના પ્રવકતા આરોગ્ય મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ અને રાજ્યમંત્રીશ્રી સૌરભભાઈ પટેલે મુખ્યમંત્રીશ્રીના કર્મયોગી હિતલક્ષી નિર્ણયની વિગતો આપતાં જણાવ્યું કે, હાલ રાજ્ય સરકારના કર્મયોગીઓને કેન્દ્ર સરકારના કર્મચારીઓ સમકક્ષ ૫૮ ટકા મોંઘવારી ભથ્થું મળે છે અને કેન્દ્ર સરકારે તેમાં તા. ૧ જાન્યુઆરી-૨૦૧૨થી સાત ટકાનો વધારો કરતાં હવેથી ગુજરાત સરકારના તમામ કર્મચારીઓને પણ ૬૫ ટકા મોંઘવારી ભથ્થું મળવાપાત્ર થશે.

રાજ્ય સેવાના અંદાજે ૪.૬૭ લાખ કર્મયોગીઓ તથા રાજ્ય સેવામાંથી નિવૃત્ત થયેલા ૩.૫૯ લાખ પેન્શનરોને મોંઘવારી ભથ્થામાં ૭ ટકાના આ વધારાનો લાભ મળશે.

મોંઘવારી ભથ્થામાં સાત ટકાના આ વધારાથી રાજ્ય સરકારને કર્મયોગીઓના રૂા. ૬૩૭.૨૯ કરોડ તથા પેન્શનરોના ૨૨૭.૫૦ કરોડ મળી કુલ ૮૬૪.૮૦ કરોડનું અંદાજિત વાર્ષિક ભારણ આવશે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

## વર્ગ-૪ના કર્મચારીઓને વ્યાજમુક્ત પાંચ હજારની અનાજ પેશગી

ગાંધીનગર, તા. ૧૧

રાજ્ય સરકારના વર્ગ-૪ના કર્મચારીઓને રૂ. પાંચ હજાર વ્યાજમુક્ત અનાજ પેશગી આપવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે.

આજે મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલ આ નિર્ણયની વિગતો આપતાં રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક સમયથી મોંઘવારીમાં કમ્મરતોડ વધારો થઈ રહ્યો છે. આ ભાવવધારાને પરિણામે સામાન્ય માણસ માટે ખાદ્યકોરાકીની ચીજવસ્તુઓ જેવી કે અનાજ, તેલ, ખાંડ વગેરેના ભાવ આસમાને પહોંચ્યા છે.

આ પરિસ્થિતિમાં નવો માલ બજારમાં આવે ત્યારે આખા વર્ષ માટે જરૂરી અનાજ તેલ વગેરે ભરી લેવાની પદ્ધતિ આજે છે. અભૂતપૂર્વ ભાવ વધારાને કારણે આખા વર્ષની આ ખરીદી પણ સારી એવી નાણાંકીય જોગવાઈ માંગી લે છે. ખાસ કરીને નોકરીયાત વર્ગ માટે અને તેમાંય ચોથા વર્ગના કર્મચારીઓ માટે પોતાની બચત કે અન્ય સાધનોમાંથી આ ખર્ચ માટે રકમ ફાળવણી મુશ્કેલ છે.

આ બાબતોને ધ્યાને લઈ રાજ્ય સરકારે ચાલુ વર્ષે ખાદ્ય સામગ્રીકરીદવા માટે પાંચ હજાર રૂપિયાની વ્યાજમુક્ત સહાય અનાજ પેશગી તરીકે ચૂકવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે.

રાજ્યમંત્રી મંડળની બેઠકમાં લેવાયેલ આ નિર્ણયથી પંચાયત, ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાઓના વર્ગ-૪ના કર્મચારીઓ સહિત અંદાજે ૪૧ હજાર જેટલા વર્ગ-૪ના કર્મયોગીઓને વીસ કરોડ રૂપિયાથી પણ વધુ સહાય તાત્કાલિક ચૂકવાશે.



'આમ કે આમ ઔર ગુઠલિયોં કે ભી દામ' એવી કહેવત ફળોના રાજા કેરી માટે કહેવાય છે. કેરીમાં આટલી ખૂબી ક્યાંથી આવી ? એનો જવાબ છે કે કેરીના વૃક્ષમાં જ એટલે કે આંબામાં જ આ સંસ્કાર છે, પછી કેરીમાં તો એ આવે જ ને ! આ તસવીર જ જોઈ લ્યો. ઉનાળાની ઋતુમાં પાકતી કેરીઓનો વેપાર કરવાના હેતુથી આંબો ભાડે રાખનારા પરિવારો ગાંધીનગરમાં ઘણા. આવા જ એક પરિવારની આ તસવીર છે. કાચી કેરીનો વેપાર તો ચાલુ જ છે, કેરી પાકશે ત્યારે વળી વધુ વેપાર થશે અને એથીય અગત્યની વાત એ કે કેરી પાકે ત્યારની વાત ત્યારે અત્યારે તો આ પરિવારને રહેવા માટે એક સરસ મજાની કુદરતી છત મળી ગઈ છે ! આને કહેવાય 'આમ કે આમ ઔર.....' (તસવીર : દિપક જાની)

# સે. ૭ અને સરગાસણમાં પુરવઠા તંત્રના દરોડા

## છેલ્લા ચાર દિવસના દરોડાઓ દરમિયાન નવ લાખનો મુદ્દામાલ કબ્જે લેવાયો

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લા પુરવઠા તંત્રની ટીમે આજે ગાંધીનગર શહેરના સે-૭ તેમજ ગાંધીનગર નજીકના એક ગામમાં ત્રાટકી રૂ. સવા લાખની કિંમતનો તેલનો જથ્થો કબ્જે કર્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સિંગતેલના વધતા જતા ભાવોને નિયંત્રણમાં લેવા માટે સરકારે નિયંત્રણ ધારો ૨૦૧૨ લાગુ કરવાના કરેલા આદેશને પગલે હરકતમાં આવેલ પુરવઠા તંત્રએ વ્યાપક દરોડાઓની કામગીરી હાથ ધરી છે.

ગાંધીનગર જિલ્લા પુરવઠા તંત્ર એ છેલ્લા ચાર જ દિવસમાં દહેગામ-ગાંધીનગર અને કલોલ તાલુકામાં જુદા જુદા સ્થળોએ રેઈડ કરી અને રૂ. નવ લાખથી વધુની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લા પુરવઠા અધિકારીશ્રી પાંડોરના સીધા માર્ગદર્શન હેઠળ આજે એક ટીમ ગાંધીનગર શહેરના સે-૭ના શોપીંગ સેન્ટર વિસ્તારમાં ત્રાટકી હતી અને તેલના ડબ્બાનો મોટો જથ્થો પકડી પાડયો હતો. મળતી વિગતો પ્રમાણે આ વેપારી દ્વારા જે પત્રકો નિભાવવા જોઈ તે નિભાવવામાં આવતા ન હોવાનું તપાસમાં ખુલ્યું હતું તેમજ ભાવ દર્શાવતા બોર્ડ પણ નહિ લગાવાયા હોવાનું તપાસમાં જણાઈ આવ્યું હતું.

આ જ ટીમે ગાંધીનગર નજીક આવેલ સરગાસણ ખાતે પણ રેઈડ કરી અને તેલનો જથ્થો કબ્જે લીધો હતો.

● અનુસંધાન પાન-૫ પર


Diva
Garden food court
Garden Food Court
Introducing
Punjabi
Live Chaat Counter
International Cuisine
Infocity Club & Resort, Indroda Circle,
S.G.Highway, Gandhinagar. - 382007
Contact No. 99798 89377, 079-23213111 / 22 / 33


# આજે ગાંધીનગર તાલુકાનો ગરીબ કલ્યાણ મેળો

## કોબા પ્રેક્ષા ભારતી ખાતે ૬૧૦૦ લાભાર્થીને ૧૦ કરોડની સહાય અપાશે : ગાંધીનગર મનપાના ૫૦૦ લાભાર્થીનો પણ કરાયેલો સમાવેશ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લાનો આજે પ્રથમ ગરીબ કલ્યાણ મેળો કોબા પ્રેક્ષાભારતી ખાતે ગાંધીનગર તાલુકાનો યોજાશે.

આજથી રાજયભરમાં ચોથા તબક્કાના ગરીબ કલ્યાણ મેળાઓનો આરંભ થઈ રહ્યો છે. ગાંધીનગર તાલુકાના આજના ગરીબ કલ્યાણ મેળામાં ૬૧૦૦ લાભાર્થીઓને રૂ. ૯ કરોડ ૮૧ લાખની સહાયનું વિતરણ કરવામાં આવનાર છે.

રાજયમંત્રી શ્રી કિરીટસિંહ રાણાની ઉપસ્થિતિમાં યોજાનાર આ ગરીબ કલ્યાણ મેળામાં લાભાર્થીઓને સહાય વિતરણ માટે ૮ જેટલા ખાસ ટેબલ ઉભા કરવામાં આવનાર છે. આ મેળામાં ૫૦થી પણ વધુ યોજનાઓના લાભાર્થીઓને આવરી લેવામાં આવનાર છે.

ગ્રામ વિકાસ એજન્સી તેમજ સ્વરોજગારની યોજનાઓ ઉપરાંત આરોગ્ય-કૃષિ-શિક્ષણ તેમજ સમાજ કલ્યાણ વિભાગ સહિત ૨૪ જેટલા વિભાગોને આવરી લેવામાં આવ્યા હોવાનું અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

આ ગરીબ કલ્યાણ મેળાના આયોજનને આખરી ઓપ આપવા માટે તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. આ ગરીબ કલ્યાણ મેળામાં રાજયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી વિડીયો કોન્ફરન્સથી વિશેષ સંબોધન કરનાર છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૨, ૧૩ અને ૧૪ એમ સળંગ ત્રણ દિવસ ૩ તાલુકામાં ગરીબ કલ્યાણ મેળાઓનું આયોજન કરવામાં આવ્યું હોવાથી તંત્ર કામમાં ભારે વ્યસ્ત થઈ જવા પામ્યું છે.

જિલ્લામાં યોજાનાર આ ગરીબ કલ્યાણ મેળામાં શહેરી વિસ્તારની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને પણ આવરી લેવામાં આવી છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પણ આ મેળામાં ૫૦૦ જેટલા લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવનાર હોવાનું કોર્પોરેશનના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. આ ગરીબ કલ્યાણ મેળા માટે ખાસ વાહન વ્યવહારની પણ અલાયદી વ્યવસ્થા કરવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

તાલુકા કક્ષાના આ ગરીબ કલ્યાણ મેળાઓ દરમિયાન સર્વરોગ નિદાન કેમ્પ ઉપરાંત વિવિધ વિભાગોની યોજનાઓની વિગતો દર્શાવતા ખાસ સ્ટોલ્સ પણ ઉભા કરવામાં આવનાર છે.

ગરીબ કલ્યાણ મેળાઓ એપ્રિલમાં યોજવાની અગાઉથી રાજય સરકારે જાહેરાત કરી હતી. રાજયમાં આજે એકી સાથે ૨૫ જેટલા ગરીબ કલ્યાણ મેળાઓ યોજાશે. ગુરુવારથી શનિવારની વચ્ચે જ આ મેળાઓ યોજવામાં આવનાર છે.

સાંજના પાંચ વાગ્યાથી આ ગરીબ કલ્યાણ મેળો શરુ થશે. આ મેળા દરમિયાન સાંસ્કૃતિક કૃતિઓ પણ રજુ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

જિલ્લાના ચાર ગરીબ કલ્યાણ મેળામાં ૨૦ હજાર જેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવનાર છે અને ૨૫ કરોડથી વધુની સહાય અપાશે.

# ગાંધીનગર મનપાનો ભાવનગર મનપા સામે સાત વિકેટે વિજય

## હર્ષજીત પંડ્યા, શંકરભાઈ ચૌધરીની શાનદાર બેટીંગ અને બોલિંગ

ગાંધીનગર, તા. ૧૧

જામનગર ખાતે રમાઈ રહેલ મેયર કપ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ગઈ રાત્રે રમાયેલ ગાંધીનગર અને ભાવનગર મહાનગરપાલિકાઓની મેચમાં ગાંધીનગર કોર્પોરેશનની ટીમનો સાત વિકેટે ભવ્ય વિજય થયો છે.

ભાવનગર કોર્પોરેશનની ટીમે પ્રથમ દાવ લઈ ૧૫૨ રનનો લક્ષ્યાંક ગાંધીનગર કોર્પોરેશનની ટીમને આપ્યો હતો. ગાંધીનગર કોર્પોરેશનની ટીમે આ લક્ષ્યાંક ૧૯.૨ ઓવરમાં ૩ વિકેટ ગુમાવી પ્રાપ્ત કરી સાત વિકેટે વિજય મેળવ્યો હતો.

ગાંધીનગર તરફથી બોલિંગમાં કાર્તિક પટેલ, જીતુ રાયકા, જીગાબાપુ, હર્ષજીત પંડ્યા, શંકરભાઈ ચૌધરી અને આશિષ દવે ઝળકયા હતા. હર્ષજીત પંડ્યાએ આ મેચમાં કરેલા ઓલરાઉન્ડ દેખાવને પગલે મેન ઓફ ધી મેચ જાહેર કરવામાં આવ્યા હતા.

જીતુ રાયકા, હર્ષજીત પંડ્યા અને શંકરભાઈ ચૌધરીએ બે-બે વિકેટ ઝડપી હતી. જ્યારે કાર્તિક પટેલ આશિષ દવે અને સંજય પાંડોરે એક-એક વિકેટ ઝડપી હતી.

● અનુસંધાન પાન-૫ પર


ખૂબ ખૂબ આભાર

ગાંધીનગર કલ્ચરલ ફોરમના માનવંતા સભ્યો અને કલાપ્રેમી નાગરિકોનો નિયત સમયમર્યાદામાં, સમયસર, ઉત્સાહપૂર્વક સભ્યપદ મેળવી લેવા બદલ અંતઃકરણપૂર્વક આભાર...

હવે પછી ફોર્મ સ્વિકારાવવા માટે કોઈએ આગ્રહ નહીં રાખવા નમ્ર અનુરોધ છે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ


# જીએસપીસી ગેસના ભાવમાં રૂા. ૪નો વધારો

ગાંધીનગર, તા.૧૧

મોંઘવારીમાં પ્રજા પીસાઈ રહી છે ત્યારે જીએસપીસીએ ગેસના ભાવમાં કીલો દીઠ રૂ.૪નો વધારો કરતાં પ્રજા પર વધુ એક આર્થિક ભારણ આવવા પામ્યું છે.

જીએસપીસી દ્વારા આજે વાહનોમાં વપરતાં સીએનજી ગેસ અને ઘરવપરાશના ગેસના ભાવમાં વધારો કર્યો છે. વાહનો માટેના સીએનજી ગેસના ભાવમાં કિલો દીઠ રૂ. ૫.૨૦નો વધારો કરવામાં આવ્યો છે જયારે ઘર વપરાશના ગેસના ભાવમાં કીલો દીઠ રૂ.૪નો વધારો કરવામાં આવ્યો છે.

**સીએનજી ગેસના ભાવમાં રૂા. પાંચનો વધારો કરાયો**

ઘર વપરાશનો ગેસ વાપરતા ગ્રાહકોની સંખ્યા અંદાજે ત્રણ લાખ જેટલી છે. ગેસનો આ ભાવ વધારો આ ત્રણ લાખ ગ્રાહકોને અસર કરશે.

ઘર વપરાશના ગેસના ભાવમાં કિલો દીઠ રૂ.૪નો વધારો કરવામાં આવતાં ગેસનો ભાવ રૂ. ૨૦.૯૧ થવા પામ્યો છે.

જયારે વાહનોમાં વપરાતા સીએનજી ગેસના ભાવમાં કીલો દીઠ રૂ. ૫.૨૦નો વધારો કરવામાં આવતા સી.એન.જી. ગેસનો કીલોનો ભાવ રૂ. ૫૦.૨૦ થવા પામ્યો છે.

રાજયમાં સીએનજી ગેસના અંદાજે ૧૨૯ જેટલા ફીલીંગ સ્ટેશનો આવેલા છે.

ગેસના ભાવ વધારાનું કારણ આપતા જીએસપીસીએ એવું જણાવ્યું છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ અને ગેસના ભાવોમાં વધારો થવા પામ્યો છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને જે ગેસ આપવામાં આવે છે તે ઉંચા ભાવે આપવામાં આવે છે. પરિણામે ગેસ મોંઘો મળતા ગેસના ભાવમાં વધારો કરવાની જીએસપીસીને ફરજ પડી છે.


DTH. TV રીમોટ મળશે
આપનું LED TV, LCD TV કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી.
ફક્ત ફોન કરો ૧થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૨૩૨૮૭૧૧૫, ૯૪૨૬૪ ૪૨૭૮૫
મોબાઈલ : ૯૭૧૪૧૯૮૩૬૬

છેલ્લા ૨૦ વર્ષમાં લાખો જીંદગીમાં હકારાત્મક પરિવર્તન લાવનાર પ્રેરણાદાયક કાર્યક્રમ
Dr. Adhia's Mind Power & Money WORKSHOP
પ્રોફેશનલ્સ, માર્કેટિંગ પર્સન, બિઝનેસમેન, ગૃહિણીઓ અને વિદ્યાર્થીઓ માટે
તમારા મનની શકિતઓને વાપરતા શીખો અને જીવનમાં સફળતા, સુખ, મનની શાંતિ, સ્વાસ્થ્ય અને આધ્યાત્મિકતાનો વધારો કરો
મની વર્કશોપ દ્વારા અઢળક સમૃધ્ધિનું સર્જન કરવાનું વિજ્ઞાન અને કળા શીખો

ડો.જીતેન્દ્ર અઢીયા-M.D. પ્રેરણાનું ઝરણુંના સર્જક
ફ્રી સેમિનાર (પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે)
આજે ગાંધીનગર સાંજે 7.30 થી 9.30
આંબેડકર ભવન, સેક્ટર-૧૨
સંપર્ક : 9898999383, 9687033031